જન્મદિને વધામણી

હરેશ કા. ભટ્ટ
પૂર્વ પ્રમુખ, રોટરી ક્લબ
સ્થાપક સભ્ય, કલ્ચરલ ફોરમ
ટ્રસ્ટી, પેન્શનર સમાજ
કારોબારી સભ્ય
સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ,
ગાંધીનગર સાહિત્ય સભા,
શિવરંજની અને આર્ટ લવર્સ
સભ્ય, સિનિયર એન્જિનીયર્સ
એન્ડ આર્કિટેક્ટ્સ
ફોન : ૨૩૨૨૩૨૨૦
મો. ૯૮૨૫૩ ૮૭૦૭૮

આયુષી ધર્મેન્દ્રસિંહ કુંપાવત
મો. ૯૮૨૫૦ ૨૦૧૪૧

એલ ડી શર્મા
એડવોકેટ
મો. ૯૮૨૪૦ ૫૬૮૮૦

મિલન
જગદીશભાઈ પ્રજાપતિ
મો. ૯૭૧૨૧ ૨૫૫૮૧

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સાહિત્યકારો માટે

માઈક્રોફિક્શન વાર્તા તૈયાર કરીને પઠન કરવાનો અનોખો કાર્યક્રમ

'આ હું તો કરીશ જ' પંક્તિનો ઉપયોગ કરીને ૧૫૦ શબ્દોની મર્યાદામાં વાર્તા તૈયાર કરવા-પઠન કરવા સૌને નિમંત્રણ

ગાંધીનગર, તા. ૧૦

નગરના સાહિત્યકારો, સાહિત્યરસિકો માટે નિયત વિષય પર માઈક્રોફિક્શન વાર્તા તૈયાર કરીને તેનું પઠન કરવા માટેના એક અનોખા કાર્યક્રમનું આયોજન ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે નવોદિત ગુજરાતી સાહિત્યકારો સાહિત્યમાં રસ કેળવે અને તેઓ ગુજરાતી સાહિત્યના દરેક પ્રકારમાં ખેડાણ કરી ઉચ્ચ સાહિત્યની નીપજ કરી શકે તે માટે ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા અવનવા સાહિત્યિક કાર્યક્રમો ગોઠવવામાં આવે છે. આવો જ એક અનોખો કાર્યક્રમ સાહિત્ય સભા દ્વારા ગાંધીનગર ખાતે આયોજિત કરવામાં આવ્યો છે.

સંસ્થાના પ્રવક્તા મૂળજીભાઈ પરમારે આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે અગાઉ જાહેર કર્યા પ્રમાણે એક પંક્તિ ઉપરથી માઈક્રોફિક્શન વાર્તાની રચના અને પઠનનો કાર્યક્રમ આગામી તા. ૧૨ નવેમ્બર ને રવિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે નમન ઍપાર્ટમેન્ટ, સૅક્ટર-૨૧, ગાંધીનગર ખાતે સભાના પ્રમુખ નટવર હેડાઉની અધ્યક્ષતામાં આયોજિત કરવામાં આવ્યો છે.

'આ હું તો કરીશ જ' એવી એક પંક્તિ અગાઉ જાહેર કરવામાં આવી હતી, જેના આધારે ૧૫૦ શબ્દોની મર્યાદામાં માઈક્રોફિક્શન વાર્તા તૈયાર કરીને આ કાર્યક્રમમાં રજૂ કરવા માટે નગરના સાહિત્યકારોને સંસ્થા દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

જીઆઈપીએસ ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત ફૂટબૉલ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૦

ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્યકક્ષાની ભાઈઓ માટેની ફૂટબૉલ સ્પર્ધા (અન્ડર-૧૪, અન્ડર-૧૭ અને ઓપન વયજૂથ) ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે યોજવામાં આવી હતી.

૨૪ ઑક્ટોબરથી ૬ નવેમ્બર દરમિયાન યોજાયેલી આ સ્પર્ધા દરમિયાન સ્કૂલે સઘલી વયજૂથના ખેલાડીઓને આનંદદાયક અને પ્રોત્સાહક વાતાવરણ પૂરું પાડી ખેલાડીઓના રમત પ્રદર્શન અને આત્મવિશ્વાસને વધારવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. ખેલાડીઓએ પણ સ્કૂલ દ્વારા કરવામાં આવેલી સમગ્ર વ્યવસ્થા અને સુંદર વાતાવરણ પ્રત્યે સંતોષની લાગણી વ્યક્ત કરી હતી અને પુનઃ આ સ્થળે રમત પ્રદર્શન કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી.

સ્પર્ધા દરમિયાન જિલ્લા રમતગમત અધિકારી, એપીઓ, વ્યાયામ મંડળના પ્રમુખ અને સમગ્ર સહ કર્મચારીઓ તેમજ સ્કૂલના ટ્રસ્ટીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સઘળા ખેલાડીઓને બિરદાવી તેમને આજીવન યાદ રહે તેવું પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

એસ. જી. પ્રાથમિક શાળામાં ફોટો ફ્રેમ બનાવવાની પ્રવૃતિ યોજાઈ

એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં ધોરણ-૧ થી૪ના વિદ્યાર્થીઓ માટે ફોટો ફ્રેમ બનાવવાની પ્રવૃતિનું આયોજન થયું હતું. આ પ્રવૃતિ માટે વિદ્યાર્થીઓ ઘરેથી વિવિધ વસ્તુઓ લાવ્યા હતા અને પોતાના વર્ગમાં દરેક વિદ્યાર્થીએ ફોટો ફ્રેમ બનાવી હતી. વિદ્યાર્થીઓએ આ પ્રવૃત્તિમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ આકર્ષક ફોટો ફ્રેમનું સર્જન કર્યું હતું.

ધો. ૧૦ની પરીક્ષાનાં ફોર્મ ભરવાની મુદત ૧૭ નવેમ્બર સુધી લંબાવાઈ

ગાંધીનગર, તા. ૧૦

રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવાનારી ધો.૧૦ની પરીક્ષાના ફોર્મ ભરવાનો આજે તા.૧૦મીએ છેલ્લો દિવસ હતો. જેમાં આજે બોર્ડ દ્વારા ફોર્મ ભરવાની સમયમર્યાદામાં વધારો કરી દેવામાં આવ્યો છે. હવે વિદ્યાર્થીઓ તા.૧૭મીને રાતે ૧૨ વાગ્યા સુધી પરીક્ષાના ફોર્મ ભરી શકશે. ગતવર્ષે ધો.૧૦માં ૧૧,૦૨,૬૨૫ જેટલા ફોર્મ ભરાયા હતા. જેની સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૯.૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ ફોર્મ ભર્યા છે. તા.૯મી નવેમ્બર સુધીમાં તમામ વિદ્યાર્થીઓને ફોર્મ ભરી દેવાની સૂચના આપવામા આવી હતી. પરંતુ અનેક વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના રહી ગયા હોવાની ફરિયાદ બોર્ડને મળી હતી, જેના પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સ્મિત ફાઉન્ડેશન દ્વારા અનાથ બાળકોનો સર્વે કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૧૦

સ્મિત ફાઉન્ડેશન દ્વારા અનાથ બાળકોના ઉજ્જવળ ભવિષ્યના આયોજન માટે એક સર્વે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંસ્થા દ્વારા અમદાવાદ તથા ગાંધીનગરના વિવિધ ઝૂંપડવાસમાં છેલ્લા એક સપ્તાહ દરમિયાન આ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો.

આ બાળકોને સ્વાસ્થ્યલક્ષી બીમારી - એચઆઈવી, થેલેસેમિયા વગેરેની તકલીફ છે કે નહીં, તેમની આર્થિક સ્થિતિ કેવી છે, તેમની શારીરિક સ્થિતિ કેવી છે તે અંગેની તમામ વિગતો આ સર્વે દરમિયાન મેળવવામાં આવી હતી. આ માહિતીનો ઉપયોગ કરી સંસ્થા આ બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે નક્કર આયોજન વિચારી રહી છે.

ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકામાં સેવાકાર્ય

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા રવિવારે દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ખાતે પાંચ ગામોનાં ૧૦૧ વૃધ્ધોને ૩ કિગ્રા ચોખા તથા બે કેળાં આપવામાં આવ્યાં હતાં. ભાટાઈ ખાતે પણ ૮ લાભાર્થીને ચોખા તથા કેળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થા વતી આ સેવાકાર્યમાં ડૉ. સંગીતા ઘાટે તથા પુષ્કરભાઈ ઘાટે જોડાયા હતા.

શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા

'યુગપુરુષ સાર્ધ શતાબ્દી મહોત્સવ' યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

કાર્તિક પૂર્ણિમા, તા. ચોથી નવેમ્બર ૨૦૧૭ શ્રીમદ્જીની જન્મજયંતી નિમિત્તે પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુરમાં એક સુભવ્ય 'યુગપુરુષ સાર્ધ શતાબ્દી મહોત્સવ'નું આયોજન થયું હતું. જીંદગીના અંતિમ વર્ષોમાં, શ્રીમદ્ રાજચંદ્રજી જ્યાં આશરે ૩૫ દિવસ સુધી રહ્યા હતા તે પવિત્ર ધરમપુર ગામમાં મહોત્સવના શુભારંભે તા. ૨જી નવેમ્બરે સવારે એક ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વભરમાંથી આવેલા હજારો ભક્તો અને ગામવાસીઓએ નાચતા, ગાતા હર્ષોલ્લાસપૂર્વક ધરમપુર ગામની ગલીઓમાં તેમના પરમગુરુ શ્રીમદ્જીનું નામ ગુંજાવ્યું. સાંજે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુરમાં ૩૪ ફૂટની પદ્માસન મુદ્રામાં શ્રીમદ્ રાજચંદ્રજીની વિશ્વની સર્વોચ્ચ પ્રતિમાજીનું પૂજ્ય શ્રી શ્રી રવિશંકરજીના શુભ હસ્તે અનાવરણ કરવામાં આવ્યું હતું.

શ્રીમદ્જીના ઉપદેશામૃતનું જેમાંથી પાન કરીને વિશ્વભરમાં લાખો ભક્તો તેમની આત્મદશા ઉન્નત કરી રહ્યા છે, તેઓશ્રીના વચનોનાં સંગ્રહરૂપ શ્રી વચનામૃતજી ગ્રંથનું તા. ૩જીએ સવારે મહાપૂજન કરી ૧૫૦ યુગલોએ તેઓશ્રી પ્રત્યે તેમનો ભિક્તભાવ તથા અહોભાવ દર્શાવ્યો હતો! સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી નિર્મિત મહાત્મા ગાંધીજી તથા શ્રીમદ્ રાજચંદ્રજીના ગહન અધ્યાત્મસંબંધોની હૃદયસ્પર્શી કથા એવા નાટક 'યુગપુરુષ - મહાત્માના મહાત્મા', જેના એક વર્ષમાં વિશ્વભરમાં વિક્રમસર્જક ૧૦૦૦થી વધુ નાટ્યપ્રયોગ થયા છે, તેની સફળ યાત્રાની ઝાંખી કરાવતો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૫૦મી જન્મજયંતી કાર્તિક પૂર્ણિમા, તા. ચોથી નવેમ્બરની સુપ્રભાતે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમમાં શ્રીમદ્ રાજચંદ્રજીનાં પ્રતિમાજીનો પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રથમ મહામસ્તકાભિષેક કર્યો હતો. આ અદ્વિતિય પ્રતિમાજીનો પંચ પરમેષ્ટના પાંચ રંગના પ્રતિકરૂપ પાંચ પવિત્ર દ્રવ્યોથી મહામસ્તકાભિષેક કરવામાં આવ્યો હતો. પ્રથમ અરિહંત ભગવાનના શ્વેત રંગના પ્રતિકરૂપ દૂધથી અભિષેક કરવામાં આવ્યો. બીજા અભિષેક સિદ્ધ ભગવાનના લાલ રંગના પ્રતિકરૂપ કેસૂડાના ફૂલના પાણીથી અભિષેક કરવામાં આવ્યો. ત્રીજા અભિષેક આચાર્ય ભગવાનના પીળા રંગના પ્રતિકરૂપ કેસરના પાણીથી કરવામાં આવ્યો.

અભિષેક ઉપાધ્યાય ભગવાનના લીલા રંગના પ્રતિકરૂપ શેરડીના રસથી કરવામાં આવ્યો. પાંચમો અભિષેક સાધુ ભગવાનના કૃષ્ણ રંગના પ્રતિકરૂપ વિવિધ ઔષધિઓથી કરવામાં આવ્યો. ત્યારબાદ વિવિધ રંગના પુષ્પોથી અભિષેક કરવામાં આવ્યો. એક તરફ સૂર્ય દેવતા પોતાના સોનેરી કિરણોથી વાતાવરણને ભવ્યતા બક્ષી રહ્યા હતા તો બીજી તરફ આ વિરાટ દિવ્ય પ્રતિમાજી અને તેના પર થતા આ પવિત્ર દ્રવ્યો અને પુષ્પોના અભિષેક સમગ્ર વાતાવરણમાં દિવ્યતા અને પવિત્રતાનો સુમેળ પ્રસરાવી રહ્યા હતા, ભક્તો ભાવવિભોર બની ઝૂમી ઉઠ્યા હતા. એ સાથે ધરમપુરમાં નૂતન નિર્માણ પામનાર શ્રીમદ્ રાજચંદ્ર હાસ્પિટલના સંકુલની ખાતમુહૂર્ત વિધિ પણ પૂજ્ય ગુરુદેવશ્રી, પૂજ્યશ્રી મોરારી બાપુ અને અન્ય સંતોની પાવન ઉપિસ્થતિમાં આ જ મંગળ દિને સંપન્ન થઈ હતી. નૂતન શ્રીમદ્ રાજચંદ્ર હાસ્પિટલના પ્રથમ તબક્કામાં ૨૫૦ પલંગની ક્ષમતા તથા મિલ્ટ-સ્પેશિઅલ્ટી સુવિધાઓ શરૂ કરવામાં આવશે અને દ્વિતિય તબક્કામાં ૧૦૦ પલંગનો ઉમેરો તથા મેડિકલ કોલેજ શરૂ કરવામાં આવશે. સૌને માનવીય મૂલ્યોની પ્રેરણા આપતા 'યુગપુરુષ' નાટકમાંથી પ્રાપ્ત થયેલ ધનરાશિ આ હાસ્પિટલના નિર્માણ અર્થે ઉપયોગમાં લેવામાં આવનાર છે. તે સોહામણી સાંજે ગાંધી ગ્લોબલ ફેમીલિ, જે યુનાઈટેડ નેસન્સ ઊંઘ્ક્કની માન્યતા પ્રાપ્ત એનજીઓ છે તેના પદ્મશ્રી એસ.પી.વર્માના હસ્તે પૂજ્ય ગુરુદેવશ્રીને મહાત્મા ગાંધી સેવા મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. આ મેડલ સમાજના જરૂરિયાતમંદ લોકો માટે નાંધપાત્ર સેવાકાર્યો કરતા હોય એવી વ્યિક્તઓ કે સંસ્થાઓની સરાહના કરવા આપવામાં આવે છે. આ યાદગાર સાંજે શ્રીમદ્જીની ઉચ્ચ આત્મદશાનું દર્શન કરાવતી એક અદ્ભુત નૃત્ય નાટિકા રજૂ કરવામાં આવી હતી.

મહોત્સવના અંતિમ દિવસે ભક્તોના ભાવોને વર્ધમાન કરતી 'આત્માર્પિત દિક્ષા'નો કાર્યક્રમ હતો. આત્માર્પિત એ ભક્તોનું એક એવું ગ્રુપ છે જેઓએ આજીવન બ્રહ્મચર્યનું પાલન કરી સેવા અને સાધનામાં જ જીવન ગાળવાનું પસંદ કર્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના માર્ગદર્શન હેઠળ તેઓ આધ્યાત્મકતાના માર્ગ પર ઉચ્ચ ધ્યેય સાથે આગળ વધી રહ્યા છે. આ વર્ષે આવા ૫ ભક્તોએ આત્માર્પિત દિક્ષા ગ્રહણ કરી હતી.

પૂજ્ય ગુરુદેવશ્રી અને સંતોની દિવ્ય ઉપિસ્થતિ અને સત્સંગ ભક્તોનો હૃદયોત્સવ બની રહ્યો હતો. ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો અને જાણીતા સંગીતકારો જેવા કે સચીન જીગર, ભૂમિ ત્રિવેદી વગેરની ભિક્તએ સમગ્ર મહોત્સવને સંગીતમય, નૃત્યમય અને ચિરસ્મરણીય બનાવી દીધો હતો!

ડેઈલી કરંટ

દર્શન મારૂ

95862 87447

(૧) આસામમાં યોજાનાર મહિલા યુથ વર્લ્ડ ચેમ્પિયનશીપના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ??
(એ) સચિન તેન્દુલકર
(બી) સાનિયા મિર્ઝા
(સી) સાઈના નહેવાલ
(ડી) ઍમ સી મૅરીકૉમ

(૨) ૨૦૧૮માં ભારતના કયા રાજ્યમાં નૉબેલ પ્રાઈઝ ઈવેન્ટ યોજાઈ રહી છે ?
(એ) હરિયાણા (બી) ગોવા
(સી) નવી દિલ્હી (ડી) પંજાબ

(૩) અન્ડર-૧૯ મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટમાં પ્રથમ વાર બેવડી સદી નોંધાવનારી મહિલા ખેલાડી કોણ ?
(એ) જેમીમા રોડ્રીગ્ઝ (બી) અવની રાજકરણ
(સી) જેમીની કેલકર (ડી) અવની રાજવંશી

(૪) સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા કયા રાજ્યમાં રાષ્ટ્રીય હોકી શિબિરનું આયોજન કરાયું છે ?
(એ) પંજાબ (બી) હરિયાણા
(સી) કર્ણાટક (ડી) દિલ્હી

(૫) ભારતના કયા શહેરમાં વર્લ્ડ ઓર્ગેનીક કોંગ્રેસ ૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું છે ?
(એ) ગ્રેટર નોઈડા (બી) પટના
(સી) ગોરખપુર (ડી) પૂણે

(૬) કઈ પેમેન્ટ બેન્કે મધર ડેરી અને ગોકુલ ડેરી સાથે કરારો કર્યા છે ?
(એ) પેટીએમ પેમેન્ટ (બી) ફિનો પેમેન્ટ
(સી) એરટેલ પેમેન્ટ (ડી) એરસેલ પેમેન્ટ

(૭) તાજેતરમાં ૨૦મા આંતરરાષ્ટ્રીય બાલ ફિલ્મ મહોત્સવનું આયોજન કયા શહેરમાં કરવામાં આવ્યું છે ?
(એ) હૈદરાબાદ (બી) બેંગલુરુ
(સી) ચેન્નઈ (ડી) કોચી

(૮) ૨૩મા જળવાયુ પરિવર્તન સંમેલનનો પ્રારંભ કયા દેશમાં થઈ રહ્યો છે ?
(એ) અમેરિકા (બી) બ્રિટન
(સી) ફ્રાન્સ (ડી) જર્મની

(૯) તાજેતરમાં કર્ણાયકના ડીજીપી તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) એમ પાર્થસારથી (બી) કે એલ આયંગર
(સી) જે વાય મેથ્યુ (ડી) નીલમણિ રાજુ

(૧૦) ઓડિશાના કયા શહેરમાં દેશનું પ્રથમ હથિયાર મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે ?
(એ) જગન્નાથપુરી (બી) રાયપુર
(સી) ચાંદીપુર (ડી) બાલાસોર